ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૧.૧૧.૨૦૧૭

---

**ગુજરાત વિરોધનું ભૂત અને ગુજરાત તેમજ ગુજરાતીઓ પ્રત્યે નફરત એ કોંગ્રેસના ડી.એન.એ.માં છે. શા માટે આટલી બધી નફરત કોંગ્રેસને ગુજરાતીઓ પ્રત્યે છે ?**

---

**નર્મદા વિરોધી કોંગ્રેસ કેવી રીતે ગુજરાતીઓ સાથે આંખથી આંખ મીલાવશે ? - શ્રીમતી નિર્મલા સીતારમનજી**

---

**ગુજરાતના કોંગ્રેસના નેતાઓએ ક્યારેય પણ ગુજરાતના હિત માટે કોંગ્રેસની કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કેમ ન કરી ? - શ્રીમતી નિર્મલા સીતારમનજી**

---

કેન્દ્રીય રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનજીએ આજે મીડિયા સેન્ટર ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતુ કે, આજે મને ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અંતર્ગત ગુજરાતી બંધુઓને મળવાનો મોકો મળ્યો તે બદલ હું ગૌરવ અનુભવું છું. મહાસંપર્ક અભિયાન દરમ્યાન નગરજનો દ્વારા ખૂબ જ પ્રેમ અને આદર-સત્કાર મળ્યો છે.

શ્રીમતી નિર્મલા સીતારમનજીએ જણાવ્યું હતુ કે, ગુજરાતની ભાજપા સરકારે કેન્દ્રની યુ.પી.એ. સરકાર પાસે સતત ૧૦ વર્ષ સુધી વિકાસ માટે રજુઆત કરી હતી પરંતુ કોંગ્રેસ સરકારે ગુજરાતના વિકાસના મુદ્દે આંખ આડે કાન કરી ગુજરાતના વિકાસને સતત રૂંધવાના પ્રયત્નો કર્યા હતા. કોંગ્રેસની કેન્દ્ર સરકાર હંમેશા ગુજરાત વિરોધી રહી હતી છતા પણ ક્યારેય ગુજરાતના કોંગ્રેસના નેતાઓએ તેમનો વિરોધ ન કર્યો હતો તે ખૂબ જ આંચકાજનક છે. કેન્દ્રની કોંગ્રેસ સરકાર અને ગુજરાતના કોંગ્રેસ નેતાઓની ગુજરાત વિરોધી માનસિકતા અંગે શ્રીમતી નિર્મલાજી એ કટાક્ષ કરતા કહ્યું હતુ કે, ગુજરાત વિરોધનું ભૂત અને ગુજરાતને અન્યાય એ કોંગ્રેસના ડી.એન.એ.માં જ છે.

શ્રી નિર્મલાજી એ જણાવ્યું હતુ કે, એક વિપક્ષ તરીકે પણ કોંગ્રેસના ગુજરાતના નેતાઓએ તે સમયની કેન્દ્રની કોંગ્રેસની સરકાર પાસે રજુઆત ન કરી હતી. નર્મદા યોજનાનું માત્ર ખાતમુહૂર્ત જવાહરલાલ નેહરૂ કરીને ગયા પણ જ્યારે જ્યારે બિન કોંગ્રેસી ભાજપા અને જનતા પાર્ટીની સરકાર જેવી કે, મોરારજીભાઇ દેસાઇની સરકાર, અટલ બિહારી બાજપાઇજીની સરકાર અને હાલની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકાર સત્તામાં છે ત્યારે જ નર્મદા યોજનાનું કામ આગળ વધ્યું અને પૂર્ણ થયું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કેન્દ્રમાં જ્યારે પણ સંસદના બંને ગૃહોમાં પ્રશ્નોની ચર્ચા થતી હતી ત્યારે, બધા જ મંત્રાલયોમાં ગુજરાતના જે પ્રશ્નો પડતર હતા તે અંગેના પ્રશ્નોના નિરાકરણ માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સતત પ્રયત્નશીલ રહેતા હતા અને બધા જ સાંસદો પાસે તે પ્રશ્નોત્તરી પહોચી જતી હતી, તે જ બતાવે છે કે શ્રી નરેન્દ્રભાઇ મોદીને ગુજરાત અને ગુજરાતની સતત ચિંતા રહેતી હતી અને વારંવાર ગુજરાતના પડતર પ્રશ્નો અંગે ચર્ચા થતી હતી.

શ્રીમતી નિર્મલાજીએ કોંગ્રેસને સીધો પ્રશ્ન પૂછ્યો હતો કે, શા માટે આટલી બધી નફરત કોંગ્રેસને ગુજરાત પ્રત્યે છે, ગુજરાતીઓ પ્રત્યે છે ? કોંગ્રેસ દ્વારા સરદાર સાહેબને થયેલા અન્યાયની વાત કરતા જણાવ્યું હતુ કે, તેમના નામ સાથે જોડાયેલી નર્મદા યોજનાને શા માટે આટલા વર્ષો સુધી લટકાવી રાખી ? ભારતના સપૂત એવા સરદાર સાહેબને ભારત રત્નનો એવાર્ડ આપવામાં શા માટે આટલો વિલંબ કર્યો ? વિકાસ વિરોધી કોંગ્રેસ વિકાસની મજાક કરે છે ત્યારે મારે એમને કહેવું છે કે, કોંગ્રેસ કેવી રીતે ગુજરાતીઓ સાથે આંખથી આંખ મીલવશે ?

શ્રી નિર્મલાજીએ રાષ્ટ્રીય સુરક્ષા વિશે વાત કરતા જણાવ્યું હતુ કે, ભાજપાની કેન્દ્ર સરકાર સતત રાજ્ય સરકારો સાથે સંવાદ કરીને આંતરરાષ્ટ્રીય સીમા પરના પ્રશ્નોની ચર્ચા કરે છે. રાજ્યના હિતને સંપૂર્ણપણે ધ્યાનમાં લેવાય છે. કોંગ્રેસના સમયમાં રાજ્યોને કોઇપણ જાતનું મહત્વ અપાતું ન હતું. સરક્રીક બાબતે હાલની કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે પરામર્શન કરે છે. તીસ્તા નદીના એગ્રીમેન્ટ અંગે પણ બાંગ્લાદેશ, આસામ અને પ્રશ્ચિમબંગાળને લઇને મોટો વિવાદ થયો હતો પરંતુ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આસામ અને પ્રશ્ચિમબંગાળના હિતને ધ્યાનમાં રાખીને એ વિવાદનો સુખદ્ અંત લાવ્યા છે.

શ્રીમતી નિર્મલાજીએ અંતમાં જણાવ્યું હતુ કે, ગુજરાત, ગુજરાતીઓને તેમજ ગુજરાતના વિકાસને હંમેશા મજાક બનાવી રહેલી કોંગ્રેસને ગુજરાતની શાણી-સમજુ પ્રજા આ ચૂંટણીઓમાં ભોંયભેગી કરી દેશે અને ગુજરાતની વિકાસની અવિરત યાત્રામાં જોડાઇને ભાજપાને ફરીથી સત્તાનું સુકાન સોંપશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૧.૧૧.૨૦૧૭

---

**કોંગ્રેસે વિકાસ જોવાની દ્રષ્ટિ ગુમાવી દીધી હતી,**
**સાથે સાથે સમજ પણ ગુમાવી દીધી**

---

**કોંગ્રેસ એટલે "નકારાત્મકતા", "અસત્ય" અને "સમાજ વિભાજન"**

---

**"સૌનો સાથ, સૌનો વિકાસ" ભાજપાનો જનતા મંત્ર**

---

ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઇ.કે.જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાતની કોંગ્રેસે વિકાસ જોવાની દ્રષ્ટિ ગુમાવી દીધી હતી. તે દ્રષ્ટિ અને તેવાં જ ચશ્મા કોંગ્રેસના નેતાઓએ તેમના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહજી તેમજ રાહુલ ગાંધીને પહેરાવી દીધા છે. કોંગ્રેસે વિકાસ જોવાની દ્રષ્ટિ ગુમાવી અને વિકાસના મૂલ્યાંકનની સમજ પણ ગુમાવી દીધી છે. ગુજરાત સહિત આખાયે દેશની કોંગ્રેસ વિકાસ વિરોધી માનસિકતા અને ગાંડપણનો ભોગ બની ગઇ છે.

કોંગ્રેસ નકારાત્મકતાની રાજનીતિ કરી રહી છે. અસત્યની રાજનીતિ કરી રહી છે. જાતિવાદ, જ્ઞાતિવાદને વકરાવી સમાજ વિભાજનની રાજનીતિ કરી રહી છે. ભાજપા "**સૌનો સાથ, સૌનો વિકાસ**"નો જનતા મંત્ર લઇને સર્વાંગિણ વિકાસની રાજનીતિ કરી રહી છે.

શ્રી આઇ.કે.જાડેજાએ કોંગ્રેસના નેતાઓના બિનઅનામત વર્ગને ઓબીસી જેવા લાભ આપવામાં આવશે, આર્થિક અનામત આપવામાં આવશે જેવા જુઠ્ઠાણા અને બેજવાબદારી ભર્યા વિધાનોની આકરી ઝાટકણી કાઢી હતી અને કોંગ્રેસના નેતાઓને આંખ ખોલીને રાજ્ય સરકારના નીચેના પગલાંઓને જોવાં અપીલ કરી છે. ગુજરાતની જનતા જનાર્દનને કોંગ્રેસના ગુજરાત વિરોધી વલણને, જનતા વિરોધી વલણને પારખવા આહવાન કરી જુઠ્ઠી કોંગ્રેસને હારનો સ્વાદ ચખાડવા અપીલ કરી છે.

શ્રી આઇ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, ભાજપાની જનહિતમાં કાર્ય કરતી સરકારે ૧૦૦૦ કરોડની "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના" ગુજરાતના યુવાનો માટે આખાયે દેશમાં ન હોય તેવી અમલી કરી, કરોડો રૂપિયાના લાભ રાજ્યની ભાવિ પેઢીને આપ્યાં છે. શું કોંગ્રેસ આ દેખી શકતી નથી. ?

ગુજરાતની ભાજપા સરકારે બિનઅનામત વર્ગના જરૂરિયાતમંદ પરિવારોના ઉત્કર્ષ માટે બિન આર્થિક વર્ગ સામાજિક અને શૈક્ષણિક આયોગ કાર્યાન્વિત કરી દીધુ છે. કોંગ્રેસ આ દેખી શકતી નથી. ?

ગુજરાતની ભાજપા સરકારે બિનઅનામત વર્ગ સામાજિક અને શૈક્ષણિક આર્થિક વિકાસ નિગમ બનાવી પ્રારંભિક ધોરણે ૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરીને તેને કાર્યાન્વિત કરી દીધુ છે તે કોંગ્રેસ આ દેખી શકતી નથી. ?

બિનઅનામત વર્ગના યુવાન-યુવતીઓની પ્રગતિ માટે ૧૦ ટકા આર્થિક અનામત આપવાનો નિર્ણય વિધાનસભામાં કરી, ત્યારે કોંગ્રેસ અડચણ રૂપ બની છે, તે ગુજરાતે જોયું છે.ભાજપાની બિન અનામત વર્ગ માટેની નીતિને કોંગ્રેસ જોઇ શકતી નથી.

ભાજપાએ ૪૯ ટકા અનામતને સ્પર્શ કર્યા વગર રાજ્યની યુવા શક્તિને સન્માનવા અને આગળ વધારવાના પગલાં ભર્યા છે અને પ્રજા આ પગલાંથી ખુશ છે, ત્યારે અહંકાર, અસત્ય અને અજંપાની રાજનીતિથી જનતાને ગુમરાહ કરવાનો કોંગ્રેસનો પ્રયાસ અને સ્વપ્ન ચકનાચૂર થઇ જશે. ગુજરાતની શાંતિ, સલામતિ પ્રગતિ વિજયને પામશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૧૧.૧૧.૨૦૧૭

## ૧૨ નવેમ્બરના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ ઉત્તર ગુજરાતના પ્રવાસે

## ઉત્તર ગુજરાતના ૬ જીલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને મળશે

## ઉત્તર ગુજરાતમાં વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિનો વિજયમંત્ર આપશે

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ ૧૨ નવેમ્બરના રોજ ઉત્તર ગુજરાતનો સંગઠનાત્મક પ્રવાસ કરશે. ઉત્તર ગુજરાતના પાંચ જીલ્લા અને એક મહાનગર મળીને ૬ જીલ્લાઓના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને મળશે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડૉ. જગદીશ ભાવસારે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહના ૧૨ નવેમ્બરના સંગઠનાત્મક પ્રવાસની માહિતી આપતા જણાવ્યું હતું કે, શ્રી અમિતભાઇ શાહ સવારે ૦૯.૩૦ કલાકે હેપ્પી ઇવેન્ટ પાર્ટી પ્લોટ, ડીસા ખાતે બનાસકાંઠા અને પાટણ જીલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને તેમજ ભાજપાના અગ્રગણ્ય કાર્યકરોને માર્ગદર્શન આપશે.

ડીસા બે જીલ્લાના કાર્યકરોને માર્ગદર્શન આપી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ બપોરે ૦૨.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગાંધીનગર જીલ્લા અને ગાંધીનગર શહેર, મહેસાણા અને અમદાવાદ જિલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જો અને અગ્રગણ્ય કાર્યકરોને માર્ગદર્શન આપશે.

ડૉ. જગદીશ ભાવસારે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહના સંગઠનાત્મક પ્રવાસ અંગે અંતમાં જણાવ્યું હતું કે ૪, ૫, ૭, ૮, ૯ અને ૧૨ નવેમ્બરના ૬ દિવસ દરમ્યાન આખાયે રાજ્યના તમામ જીલ્લાઓનો તેમનો સંગઠનાત્મક પ્રવાસ સંપન્ન થશે. ૧૮૨ વિધાનસભા મત-વિસ્તારના ૨૮,૦૦૦ થી વધારે શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને તેઓશ્રી આ પ્રવાસ દરમ્યાન મળશે. ઉત્તર ગુજરાતના કાર્યકરોને વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિને વિસ્તારવાનો વિજયમંત્ર આપશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૪ તા. ૧૧.૧૧.૨૦૧૭

---

**મહિલા અનામતના મુદ્દે કોંગ્રેસને બોલવાનો અધિકાર નથી**

---

**યુ.પી.એ.ના ૧૦ વર્ષના શાસનમાં સોનિયાજી કે રાહુલ ગાંધીએ મહિલા અનામતના મુદ્દે "મગનું નામ મરી" પણ ના પાડ્યું**

---

ભાજપાના પ્રવક્તા અને જામનગરના સાંસદ શ્રી પુનમબેન માડમ અને ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ ડો. જ્યોતિબેન પંડયાએ જણાવ્યું છે કે, કોંગ્રેસ પાર્ટી અને તેના નેતાઓને મહિલા અનામતના મુદ્દે બોલવાનો અધિકાર નથી. કેન્દ્રમાં યુ.પી.એ.ના શાસનમાં દસ વર્ષ સુધી ૩૩ ટકા મહિલા અનામત વિધાનસભા અને લોકસભામાં આપવાના મુદ્દે મગનું નામ મરી ન પાડનાર યુ.પી.એ.ના ચેરપર્સન શ્રીમતિ સોનિયા ગાંધી અને કોંગ્રેસના ઉપાધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીના મહિલા અનામતના અમલ માટેના ખોખલા અને છેતરામણા વચનોથી ગુજરાતની મહિલાઓ છેતરાવાની નથી.

ભાજપાની ગુજરાત સરકારે મહિલાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામતનો નિર્ણય કરી અમલ પણ કરી દીધો છે. પોલીસની ભર્તીમાં ૩૩ ટકા મહિલાઓને અનામત આપી છે. ગુજરાત રાજ્યની સ્થાપના કાળથી લઇને અત્યારે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં સર્વાધિક પાંચ મહિલા સાંસદ (ચાર લોકસભા અને એક રાજ્યસભામાં) મોકલ્યાં છે. ૩૩ ટકા ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં મહિલાઓને સ્થાન આપ્યું છે. રાજ્ય વિધાનસભામાં ભાજપાના સૌથી વધુ ધારાસભ્યો ચૂંટાયેલા છે તે સત્યને રાહુલ ગાંધી સ્વિકારી શકતા નથી.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે, કેન્દ્રની ભાજપાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં મહિલાઓને મહત્વના ખાતાઓ સોંપીને મહિલા સશક્તિકરણનું ઉમદા અને મજબુત કાર્ય કરવામાં આવ્યું છે. ગુજરાતની મહિલા શક્તિ કોંગ્રેસની જુઠ્ઠી અને ગુમરાહ કરતી પ્રપંચ પ્રવૃત્તિઓને સ્વિકારનાર નથી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૫ તા. ૧૧.૧૧.૨૦૧૭

-------------------

**૧૨ નવેમ્બરના રોજ કેન્દ્રના આરોગ્યમંત્રી શ્રી જગતપ્રકાશ નડ્ડા પ્રતિષ્ઠિત તબીબો સાથે સંવાદ કરશે.**

-------------------

ભાજપાના મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રી શ્રી જગતપ્રકાશ નડ્ડા ગુજરાતના બે દિવસના પ્રવાસે “ગુજરત ગૌરવ મહાસંપર્ક અભિયાન” ના ભાગરૂપે આવ્યા છે. ડો. જગતપ્રકાશ નડ્ડા ૧૨ નવેમ્બરના રોજ રાજપથ કલબ, અમદાવાદ ખાતે બપોરે ૧૨.૩૦ કલાકે સંવાદ કરશે.

ભાજપાના ડોકટર અગ્રણીઓ ડૉ.અનિલ પટેલ અને ડૉ.ધર્મેન્દ્રભાઇ ગજ્જરે આયોજન હાથ ધરેલ છે. આ સંવાદ કાર્યક્રમમાં રાજ્યભરના પ્રતિષ્ઠિત ડોકટરો ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ